# GSTના કાયદામાં ઈ-વે બીલ નું મહત્વ અને તેની સમજણ

વે-બીલ એટલેકે રસ્તા ચિઠ્ઠી, એક એવું ડોકયુમેન્ટ જેના પરથી સરકાર તથા તેમના ઓફીસર અલગ અલગ પ્રકારના ગૂડ્સની હેરફેર પર નજર રાખી શકે તથા તેના થકી થતી ટેક્ષચોરી બચાવી શકે છે. જુના વેટના કાયદામાં પણ આવી રસ્તા ચિઠ્ઠીની જોગવાઈ હતી, પરતું તે માત્ર રાજ્યની બહાર જતા માલ માટેજ લાગુ પડતી હતી. હવે GST કાયદામાં આવી જોગવાઈનો વ્યાપ વધારવામાં આવેલો છે. વેપારી કોઈપણ જાતના માલનું પરિવહન કરે તેની પહેલા આ વે-બીલ બનાવવું જરુરી છે, તેથી અહીં GST કાયદાના વે-બીલની જોગવાઈ અંગેની સમજ આપવામાં આવી છે.

## ક્યારથી અમલમાં આવશે? (એપ્લીકેબીલીટી)

| પ્રકાર | મરજિયાત રીતે અમલીકરણ | ફરજીયાત રીતે અમલીકરણ |
|---|---|---|
| ગુજરાત બહાર ના વેચાણ માટે (ઈન્ટર સ્ટેટ માલની હેરફેર માટે) | તા. ૧૬-૦૧-૨૦૧૮થી | તા. ૦૧-૦૨-૨૦૧૮ થી |
| ગુજરાતની અંદરના વેચાણ માટે (ઈન્ટ્રા સ્ટેટ માલની હેરફેર માટે) | તા. ૧૬-૦૧-૨૦૧૮થી | તા. ૦૧-૦૬-૨૦૧૮ થી |

Prepared By CA. Deep Koradia

વે-બીલનું ફોર્મ “EVB-૦૧” તરીકે ઓળખવામા આવે છે. આ ફોર્મ ઓનલાઈન ભરીને જનરેટ કરવાનું રહેશે. તેને બે પાર્ટમાં બનાવવાનું રહેશે. પાર્ટ-A માં માલ તથા ઈન્વોઈસ (બીલ) ની જાણકારી આપવાની રહેશે, તથા પાર્ટ-B મા ટ્રાન્સપોર્ટરની જાણકારી આપવાની રહેશે.

## પાર્ટ-A કોણે ભરવું જરૂરી છે?

દરેક રજીસ્ટર્ડ વ્યક્તિ કે જે માલનું પરિવહન (હેર-ફેર) કરાવતી હોય ત્યારે જો માલની કિંમત ૫૦૦૦૦ રૂપિયા કે તેથી વધુ હોય તો તેને આવું પરિવહન ચાલુ કરે તેની પહેલા પાર્ટ-A ભરવો જરૂરી છે. આવું પરિવહન વેચાણ માટે અથવા તો વેચાણ સિવાય અન્ય કારણોસર (જેવાકે બ્રાંચ ટ્રાન્સફર, જોબ-વર્ક, માલ પરત, માલનું રિપ્લેસમેન્ટ, વિગેરે) થતું હોય તોપણ પાર્ટ-A ભરવું જરુરી છે. સામાન્ય રીતે ખરીદનાર અથવા વેચનાર, કોઈ એક વ્યક્તિએ વે-બીલ બનાવવાનું રહે છે.પરંતુ જો રજીસ્ટર્ડ વ્યક્તિ અન-રજીસ્ટર્ડ પાસેથી ખરીદી કરે તો વે-બીલ બનવાની જવાબદારી ખરીદી કરનાર રજીસ્ટર્ડ વ્યક્તિની થાય છે.

દા.ત.

૧.) જયારે ભુજનો રજીસ્ટર્ડ વેપારી ગાંધીધામના રજીસ્ટર્ડ વેપારીને માલનું વેચાણ કરે છે અને માલનું પરિવહન ભુજનો વેપારી કરતો હોય ત્યારે ભુજના વેપારીએ (વેચનારે) વે-બીલ બનાવાવનું રહેશે.

૨.) જો ઉપરના ઉદાહરણમાં ગાંધીધામનો વેપારી માલનું પરિવહન કરાવતો હોય તો ગાંધીધામના વેપારીની (ખરીદનારની) વે-બીલ બનાવવાની જવાબદારી થાય છે.

૩.) જયારે ભુજનો અનરજીસ્ટર્ડ વેપારી ગાંધીધામના રજીસ્ટર્ડ વેપારીને માલનું વેચાણ કરે છે અને માલનું પરિવહન ભુજનો વેપારી કરતો હોય તોપણ ગાંધીધામના વેપારીની (ખરીદનારની) વે-બીલ બનાવવાની જવાબદારી થાય છે.

અહી એ વાતની ખાસ ધ્યાન રાખવા જેવી છે કે આ વે-બીલ પાર્ટ-A માત્ર વેચાણ માટે જ નથી, તેના સિવાયના તમામ પરિવહનને આવરી લેવામાં આવેલા છે, જેમકે બ્રાંચ ટ્રાન્સફર, જોબ-વર્ક, માલ પરત, માલનું રિપ્લેસમેન્ટ વિગેરે.

<u>પાર્ટ-B ક્યારે બનાવવાનું થાય છે? (જુઓ કોષ્ટક)</u>

| ક્રમ | પરિવહનનું માધ્યમ | પાર્ટ-B ફરજીયાત કે મરજિયાત? |
|---|---|---|
| 1 | જયારે માલ કોઈ જાતે પરિવહન કરનું હોય | પાર્ટ-B મરજિયાત |
| 2 | જયારે માલ રેલ્વે દ્વારા પરિવહન થતો હોય | |
| 3 | જયારે માલ વાયુસેવા દ્વારા પરિવહન થતો હોય | |
| 4 | જયારે માલ જહાજ દ્વારા પરિવહન થતો હોય | |
| 5 | જયારે ક્રમ 1 થી 4ની પધ્ધતિઓ દ્વારા માલસામાનનું પરિવહન ન થયેલ હોય અને માલસામાન ટ્રાન્સપોર્ટરને આપવામાં આવેલ હોય. | પાર્ટ-B ફરજીયાત |

Prepared By CA. Deep Koradia

- અહી ઉપરના કોષ્ટક મુજબ, માત્ર પાર્ટ-Bની જ માફી આપવામાં આવી છે, પાર્ટ-A બનાવવું ફરજીયાત્ત છે.
- જો માલસામાનની કીમત ૫૦૦૦૦ થી ઓછી હોય, તોપણ તમે મરજિયાત રીતે વે-બીલ બનાવી શકો છો.
- તમારા ધંધાના સ્થળથી ટ્રાન્સપોર્ટરના સ્થળ સુધીનું અંતર ૧૦ કી.મી. થી ઓછુ હોય તો તે પરિવહન માટે વે-બીલ બનાવવું જરૂરી નથી, પરંતુ ટ્રાન્સપોર્ટરના સ્થળથી આગળના ટ્રાન્સપોર્ટ માટે વે-બીલ જરૂરી છે.
- જયારે ઓનલાઈન ઈ વે-બીલ જનરેટ કરવામાં આવશે ત્યારે એક યુનિક નંબર આપવામાં આવશે.
- જયારે પરિવહનનું માધ્યમ બદલાતું હોય ત્યારે નવું વે-બીલ બનવાનું રહેશે. દા.ત. જયારે ટ્રાન્સપોર્ટર એક માધ્યમ (રેલ્વે) માંથી બીજા માધ્યમ (ટેમ્પો) માં માલ શિફ્ટ કરે ત્યારે તે ટ્રાન્સપોર્ટરને નવું વે-બીલ બનવાનું રહેશે.
- જયારે એક વાહનમાં ટ્રાન્સપોર્ટર એકથી વધારે વ્યક્તિના માલસામાન ની હેરફેર કરે ત્યારે તેને બધા સામાન માટે એક સંયુક્ત વે-બીલ બનવાનું રહેશે.
- જો આવું વે-બીલ ઓનલાઈન જનરેટ કર્યા બાદ કોઈ કારણોસર પરિવહન ન થાય તો આવું વે-બીલ ૨૪ કલાક કેન્સલમાં કરવાનું રહેશે, ૨૪ કલાક બાદ કેન્સલ થઇ શકશે નહિ.

<u>વે-બીલ ઓનલાઈન બનાવ્યા બાદ તેની મુદત (વેલીડીટી)</u>

- પ્રથમ ૧૦૦ કી.મી. ના અંતર સુધી ના પરિવહન માટે બનાવેલા વે-બીલ ની મુદત ૧ દિવસની રહેશે.
- તેના પછીના દરેક ૧૦૦ કી.મી. માટે મુદત ૧ દિવસ વધતી જશે.
- જો કોઈ કારણોસર આ મુદતમાં પરિવહન ના કરી શકાય તો વે-બીલ ફરીથી બનવાનું રહેશે.

<u>વે-બીલની જોગવાઈ માંથી મુક્તિ</u>

- એક યાદી આપવામાં આવેલી છે, એ યાદીમાં મોટા ભાગના એક્ષ્મ્પટેડ ગુડ્સનો સમાવેશ કરવામાં આવેલ છે. તે યાદીમાં આવતી વસ્તુઓને ઈ વે-બીલની જોગવાઈમાંથી મુક્તિ આપવામાં આવેલ છે.
- જયારે માલસામાનને નોન-મોનેટરાઈઝ્ડ વાહનમાં પરિવહન કરવામાં આવે (જેમકે હાથલારી, ઘોડાગાડી વિગેરે)
- જયારે પર્સનલ યુઝ માટે માલસામાનની હેરફેર કરવામાં આવે.
- જ્વેલરી, જ્વેલરી આર્ટિકલ, પ્રેશીયશ સ્ટોન વિગેરેની હેરફેર.
- જ્યારે માલસામાનને પોર્ટ, એરપોર્ટ, એર કાર્ગો કોમ્પ્લેક્ષ વિગેરેમાંથી ઈનલેન્ડ કસ્ટમ ડીપો સુધી લાવવામાં આવે.

<u>વાહનચાલકે નીચેના ડોક્યુમેન્ટ્સ સાથે રાખવા જરુરી છે</u>
- માલનું બીલ / ડિલીવરી ચલન / બીલ ઓફ સપ્લાય.
- ઈ વે-બીલની કોપી અથવા ઈ વે-બીલ નંબર.

Prepared By CA. Deep Koradia

જુના વેટના કાયદામાં માત્ર રાજ્યની બહાર માલ નીકાળતી વખતે ચેકપોસ્ટ પર વે-બીલ ચકાસવાની પધ્ધતિ હતી, પરંતુ GST ના કાયદા મુજબ હવે ચેકપોસ્ટ નાબુદ કરવામાં આવી છે. હવે રસ્તાપર કોઈપણ જગ્યાએ વાહન ચેક કરવાની જોગવાઈ આવી ગયેલી છે, તથા રાજ્યની અંદર પણ માલસામાન વેચતી વખતે ઈ વે-બીલ બનાવવાની જોગવાઈ આવી ગઈ છે. જેથી ઈ વે-બીલ નો વ્યાપ ઘણો વધી ગયો છે. આવા ઈ વે-બીલ વગર પરિવહન થતા માલસામાન જપ્ત કરવાની તથા પેનલ્ટીની જોગવાઈ રહેલી છે. દરેક વેપારીએ આ જોગવાઈઓ સમજી તથા તેનું ભંગ ના થાય તેનો કાળજી લેવી જોઈએ.